





પ્રદર્શન કર્યું સેક્સનું હવે ચહેરે વીલા છે
બે પગે બંધાયો કાગ, આ બધા પ્રચાર ચીલા છે
કિલ્લા છે વિરોધના હવે ઢીલા થયા ભણસાલી -
'દેવદાસ'ની 'બ્લેક' થઇ કીર્તિ આ 'રામ-લીલા' છે..

વેંચાય છે નેતા!
મત બજારે જાણે -
વૌઠાનો મેળો!
(ગર્દભ બજાર ચૂંટણી)

જૂએ છે પ્રજા!
રાષ્ટ્રીય નેતાઓના
ચરિત્ર રંગ..
(પ્રચારનો હલકો ઢંગ)




## ચિંતન

**છિન્નો અપિ ચંદનતરૂર્ન જ હાતિ ગંધં વૃદ્ધો અપિ તારણપતિર્ન જહાતિ લીલામ્ ।**
**યન્ત્રાર્પિતો મધુરતાં ન જહાતિ ચેક્ષુઃ ક્ષીણો અપિ ન ત્યજતિ શીલ ગુણાનું કુલીનઃ ॥**

'ચંદનનું તદ્દન કપાઇ જવાની અણી પર હોય છતાં તે પોતાની સુગંધ છોડતું નથી.

હાથી વૃદ્ધ થવા પણ પોતાની ક્રીડાઓનો ત્યાગ કરતો નથી અર્થાત પોતાના મદમાં જ રહે છે.

શેરડીના રસ કાઢ્યા પછી તદ્દન માત્ર કૂચા જ રહે છે છતાં એ કુચામાંથી તેની મધુરતાનો નાશ થતો નથી -

- અને એ જ પ્રમાણે સંત-સજ્જન કુલીન માણસની સત્તા-સંપત્તિ-સમૃદ્ધિ નાશ થયા પછી પણ તેની સજ્જનતા-કુલીનતાનો તે ત્યાગ કરતો નથી.'

માણસ ગમે તેવી આપત્તિઓ-મુશ્કેલીઓ અને કઠિન પરિસ્થિતિઓમાં આવી પડે ત્યારે માનસિક સમતુલા ઘણીવાર ગુમાવી બેસે છે. ગુસ્સો અને સહનશકિત પર તેનો કાબૂ રહેતો નથી. પરંતુ સંસ્કારી સજ્જન-કુલીન-વિદ્વાન-કોઇ પણ સંજોગમાં પોતાની કુલીનતા-સજ્જતા-સંસ્કારનો ત્યાગ કરતો નથી અને શાંતિ-ધીરજ પૂર્વક વર્તન કરી સમતુલા સાચવી રાખે છે.

અહીં ચંદનનું વૃક્ષ, હાથી અને શેરડીનું દૃષ્ટાંત આપી શાલીનતા-કુલીનતાનું યોગ્ય દૃષ્ટાંત આપ્યું છે.

## સુવિચાર

- જેઓ માને છે કે કસરત માટે સમય નથી તેમને વહેલુ મોડું સમજાઇ જશે કે માંદગી માટે પૂરતો સમય છે **- સંત હેનરી**
- ચિંતા અને આરોગ્ય સામ સામે લડતા રહે છે, ભક્તિમાં ઝબોળાવું, એ ઉપચાર પણ છે અને ઉપાસના પણ છે **- જ્ઞાનસૂત્ર**
- પ્રત્યેક બાળક કલાકાર હોય છે, પ્રશ્ન એ છે કે એ મોટો થાય પછી કલાકાર રહેશે શી રીતે? **- પાબ્લો પિકાસો**
- બેઠાડુ જીવન અને રોગ વચ્ચે અંતર કેટલું? દૂધના માવા અને પેંડા વચ્ચે હોય એટલું **- ગુણવંત શાહ**
- તંદુરસ્તી જો દવાની બોટલમાં કે દવાની ટીકડીમાં મળતી હોત તો દરેક જણ તંદુરસ્ત હોત **- ડૉ. અર્લ ડોલ્સી**
- માણસ ઘણું ખરૂં ધાન વગર નથી મરતો પણ ભાન વગર મરે છે **- સંતરામ**
- વૃદ્ધાવસ્થા આપણા ચહેરા પર મૂકે છે તેના કરતા વધુ કરચલીઓ આપણા ચિત્તમાં મુકે છે **- સાધુ વાસવાણી**

## બોધ કથા

નકારાત્મક દૃષ્ટિને બે રાત વચ્ચે માત્ર એક જ દિવસ દેખાય છે હકારાત્મક દૃષ્ટિવાળાને બે દિવસ વચ્ચે માત્ર એક જ રાત દેખાય, એવું જ અર્ધો ભરેલો કે અર્ધો ખાલી ગ્લાસ જોવાની વાત છે. કોઇને શરદપૂનમની રાત દેખાય કોઇ ચંદ્રમાં દેખાતો કાળા ડાઘ જ શોધે છે. આપણા વિચારોનો પડઘો આપણાં કાર્ય અને પરિણામો પર પડે છે. વિદ્યાર્થીને સ્કૂલ, શિક્ષકો અને ભણતર, ખરાબ લાગે તો તેને કંઇ જ ન આવડે-ઠોઠ નો ઠોઠ જ રહે.'

દવાની કંપનીએ પોતાની નવી પ્રોડક્ટ બજારમાં મૂકી એના પહેલાં ખૂબ જ અસરકારક અને પ્રખ્યાત એવી જ દવા બીજી કંપનીની બજારમાં હતી.. દવા બનાવતાં પહેલાં જ તેમનાં સંશોધકો અને દવા વેંચાણના પ્રતિનિધિઓ એ આ દવા નહીં ચાલે એવું કહી. કંપનીના ડાયરેક્ટરને સલાહ આપી હતી કે આવી પ્રોડક્ટ બજારમાં છે અને એનું 'નામ' છે.. આપણી દવા નહીં ચાલે!

આમ છતાં-દવા બની-વેંચાણમાં મૂકી-વેંચાણ થતું નો'તુ. મિટીંગ મળી - બધાએ પોતે દવા બન્યા પહેલાં જ કહ્યું હતું એમ કહી બચાવ કર્યો - સફેદ.

માર્કેટીંગ મેનેજરે સફેદ દિવાલ પર બનાવેલું કાળું મોટું ટપકું બનાવી પૂછ્યું તમને આ દિવાલ પર શું દેખાય છે? બધાએ 'કાળુ ટપકું' જ જોયું - મેનેજર કહે-તેની આસપાસ સફેદ આભા જેવું વલય કેમ નથી જોતા? પોઝીટીવ દૃષ્ટિ રાખી બજારમાં જાવ.. અને પછી વેંચાણ વધ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# રણમાં રેતીથી રચતાં ઢુવા - ટેકરા કે સરકતી રેતી પણ નૃત્ય કરતી અનુભવાય છે. ટોરનોડા, વાવાઝોડા એ હવાનું તાંડવ નૃત્ય ગણી શકાય

## વન્યસૃષ્ટિ પરિચય
### વન્ય પ્રાણીઓ અને નૃત્ય
- હેમંત સુથાર

નૃત્ય એ કલા, આનંદ અને ઉત્સવની અભિવ્યક્તિનું એક ઉત્તમ માધ્યમ છે. માનવોમાં વિવિધ પ્રસંગોએ અને વિવિધ હેતુઓ માટે નૃત્ય કરવામાં આવતું હોય છે. આપણે માનવોએ હવા, પાણી, રેતી કે માટી અને અગ્નિ જેવા કુદરતી નિર્જીવ ઘટકોને પણ જુદી જુદી રીતે નૃત્યાત્મક સ્વરૂપમાં રજૂ કરેલ છે. 'ડાન્સીંગ ફાઉન્ડેઇન' - નાચતા ફુવારાએ લાઇટ એન્ડ સાઉન્ડ એટલે કે પ્રકાશ અને સંગીતની સાથે જલીય હલન-ચલનોથી તૈયાર થતાં ભૌતિક ચિત્રણોને નૃત્ય સાથે સરખાવવામાં આવે છે. પર્વતોમાંથી વહેતાં ઝરણાં કે ઊંચાઇઓથી પડતાં પાણીનો ધોધ, વમળાકારે કે વળાંકોમાં ઉપર નીચે વમળો સર્જીને વહેતી નદી, સમુદ્રનાં મોજા કે તેનાં ભરતી-ઓટ નૃત્યનો એક પ્રકાર કહીએ તો ખોટું નથી. રણમાં રેતીથી રચતાં ઢુવા - ટેકરા કે સરકતી રેતી પણ નૃત્ય કરતી અનુભવાય છે. ટોરનોડા, વાવાઝોડા એ હવાનું તાંડવ નૃત્ય ગણી શકાય.

આપણે માનવ સિવાયના પ્રાણીઓની વાત કરીએ તો ઘણાં બધાં પ્રાણીઓ પણ નૃત્ય કરતાં હોય છે. મયુર નૃત્ય કે સારસ બેલડી નૃત્યથી કોઇ અજાણ્યું નથી. નાગીન નૃત્યને પણ આપણે કેવી રીતે ભૂલી શકીએ.

જે કોઇ પ્રાણીઓ નૃત્ય કરતાં હોય તેવું આપણને લાગે છે તે માટેના કારણો જોઇએ તો મુખ્યત્વે નર-માદા જાતિના પ્રાણીઓ તેમાં પણ ખાસ કરીને નર પ્રાણીઓ તેમની સંવનન ઋતુમાં માદાને આકર્ષવા માટે વિશિષ્ટ પ્રકારની અંગભંગિમાઓ કે હલનચલનો કરે છે. તમે જોયું હશે કે મોર તેના મયુરપંચ ફેલાવીને ઝણઝણાટી પૂર્ણ પાંખો સાથે થીરકતાં થીરકતાં તે નૃત્ય કરે છે તે ઢેલને આકર્ષવા માટે હોય છે. શરીર પર મોરની જેમ પીંછા લગાવીને મોર જેવી અદાઓ અને વેશભૂષા સાથેનું માનવો દ્વારા થતું મયુર નૃત્ય તો તમે જોયું જ હશે. કુંજ કુળના એટલે ક્રેન ફેમેલીમાં સારસ, જાપાનમાં જોવાતા લાલ કલગીવાળા સારસ તેમની માદા સાથે જોડ બનાવીને માદાને રીઝવવા આકર્ષક નૃત્ય કરતાં હોય છે. આ દરમિયાન તે પોતાનું માથું અને ડોક હલાવે છે, ઉપર નીચે કરે છે. પાંખો ફફડાવીને ઠેકડા મારે છે.



આ જ રીતે સાપ-સાપણ એટલે કે વિવિધ જાતના સર્પોની નર-માદા જાતિઓ સંવનન સમયએ એકબીજાની સાથે ટેકો લઇને જમીનથી ઊંચા થઇને વિશિષ્ટ હલનચલન કરતાં હોય છે. તેને આપણે નૃત્ય ગણીએ છીએ. ઘણાં નૃત્યકારો 'નાગીન નૃત્ય' કરતાં હોય છે. રાજસ્થાનનું સપેરા નૃત્ય તો જગપ્રસિદ્ધ થઇ ચુકેલુ છે.

આ રીતે માદાઓને આકર્ષવા માટે પ્રાણીઓ દ્વારા નૃત્ય કરવામાં આવે છે તે ઉપરાંત એક બીજા વચ્ચે સંબંધો અને ભાવોને પ્રગટ કરવા માટે પણ વિવિધ અંગોના હલનચલનો નૃત્યની જેમ રજૂ કરવામાં આવે છે. જેને સંવનન નૃત્ય 'કોર્ટશીપ - Courtship' કહે છે. કેટલાક પ્રાણીઓ દુશ્મનને ગભરાવવા માટે કે પછી પ્રભુત્વની સ્વીકૃતિ જાહેર કરવા માટે પણ નૃત્ય કરતાં હોય છે.

કૂતરા, બિલાડી, ઘોડા, રીંછ, માંકડા, ચિમ્પાન્જી, ઊંટ જેવા પ્રાણીઓને માનવો દ્વારા તાલીમ આપીને વિવિધ ઉત્સવો, ખેલો કે સરકસોમાં નચાવવામાં આવતાં હોય છે. આ પ્રકારના નૃત્યો પાછળ તાલીમ આપેલી હોય ત્યારે થતાં અત્યાચારોનો એક ભયની પ્રતિકૃતિ સમાન હોય છે. આવા નૃત્યો જે તે પ્રાણી કોઈ ભાવથી નહિ પણ ભયથી રજૂ કરતાં હોય છે. તેમાં સંગીતના તાલ કે લયની કોઈ અસર હોતી નથી. માનવ હલન-ચલનોની દેખાદેખીથી આવા નૃત્યો કરાતાં હોય છે.

આ બધામાં પોપટ-પેરોટની અમુક જાતિઓ સંગીતના તાલ અને લય પ્રમાણે ખુશીથી નૃત્ય કરતાં જોવા મળે છે. તે કદાચ સાચા અર્થમાં નૃત્ય કહી શકાય. હમણાં ઈન્ટરનેટ પર એક પોપટના નૃત્યની વીડીયો ક્લીપીંગ ખુબજ જાણીતી બની છે. તેમાં ૫ થી ૮ મિનિટ સંગીતના આધારે નૃત્ય કરતો પોપટ જોવા મળે છે જે ખુબજ લયબદ્ધ નૃત્ય કરે છે અને તેની એકપણ એક્શનનું પુનરાવર્તન થતું નથી.

ઘોરડ કુટુંબના ટીલોર અને ખડમોર સંવનન સમયે નૃત્ય કરે છે તે પણ જોવાલાયક હોય છે. ઘાસના મેદાનોમાં વસતાં આ પક્ષીઓ સંવનન સમયે ઘાસના ઝુંડમાં માદાઓને નજરે ચઢવા માટે ઉંચાઈ જેવા ભાગે જાય છે. ટીલોર જાતિનું પક્ષી પોતાનું ગળુ ફુલાવે છે અને ઠેકડા મારતાં-મારતાં ગળુ ડોક ઉપર નીચે કરે છે. ખડમોર પક્ષીઓના નર દિવસમાં ૪૦૦ થી ૫૦૦ જેટલા પાંખો બંધ કરીને- ખોલીને એકાદ મીટરની ઊંચાઇ સુધી ઉંચા કુદકા મારતાં મારતાં અવાજ કરે છે.

વ્હીસલીંગ ડક (સીસોટી બતક) અને ગ્રેટ ક્રેસ્ટેડ ગ્રીબ (મોટી ચોટીલી ડુબકી) જેવા જલીય પક્ષીઓના સંવનન સમયના નૃત્યો પણ દર્શનીય બની જાય છે. કટલ ફીંશ નામની માછલીયો રંગો અને સૂર્ય પ્રકાશના સંયોજનનું સુભગ મિલન કરીને નૃત્ય કરે છે. દક્ષિણ-પૂર્વીય ઓસ્ટ્રેલીયાના દરિયાકાંઠા વિસ્તારમાં જોવા મળતાં દરિયા ઘોડા કે જેમાં નર છાતી ભાગે માદા દ્વારા મુકેલાં ઈંડા સાચવવાનું કામ કરે છે. તેવાં આ માછલીઓ પણ સુંદર નૃત્ય કરે છે. ડોલ્ફીનના સમુહ નૃત્યથી પણ આપણે વાકેફ છીએ.

પક્ષીઓમાં આપણે ત્યાં મુલાકાત લેતાં કાબર કુળના વૈયા (રોમી પેસ્ટર) પક્ષીઓ ખાસ કરીને સંધ્યા સમયે ૪ થી ૮ હજારના ટોળામાં વિવિધ પ્રકારની સમુહ ઉડાણની કવાયત કરે છે. તે પણ એક નયન રમ્ય નૃત્ય જેવી હોય છે.

કીટકોમાં મધમાખીઓ મધુરરસને શોધીને પોતાના મધપૂડા પર આવીને અન્ય મધ માખીઓને નૃત્ય કરીને માર્ગ બતાવે છે તે પણ એક અદ્‌ભૂત અચરજ છે. માદા કબૂતર પાસે ફરતો નર માદાને રીઝવવા ગળુ ફુલાવીને જે નૃત્ય કરે છે તેના આધારે જ તેને 'લોટણ કબૂતર' પણ કહે છે.

આપણે ત્યાં જાફરાબાદ-સુરેન્દ્રનગર અને જાંબુર-જૂનાગઢ આસપાસ વસવાટ કરતાં આફ્રિકાના વન વિસ્તારમાં આવેલા સીદી લોકોનું ધમાલ નૃત્ય વિશ્વ વિખ્યાત છે. આ સીદી જાતિના લોકો જંગલમાં શિકાર કરવા જઈને પરત ફરે ત્યારે શિકારમાં મળેલી સફળતાની ખુશીને વ્યક્ત કરવા માટે નૃત્ય કરતાં હતા. તેમના આ પ્રકારના નૃત્યમાં વિવિધ પ્રાણીઓ-પક્ષીઓની હલન-ચલનની નકલો, અવાજની નકલોનો આ નૃત્યમાં સમાવેશ કરવામાં આવે છે. આ રીતે વિશ્વના ઘણાં બધા વનવાસી લોકોમાં પ્રાણીઓ આધારીત નૃત્યો થતાં જોવા મળે છે.

માનવો માટે મનોરંજન પુરૂ પાડતાં અને પ્રેરણારૂપ બનતા પ્રાણીઓના નૃત્યો તેના કુદરતી સ્વરૂપે હંમેશા જીવંત રહે તેવી આપણે પરિસ્થિતિઓ નિર્માણ કરીએ.


# રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ-૨૦૦૯

## વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

ભારતના બંધારણીય અધિકાર મુજબ દરેકને સમાન શિક્ષણ આપવાના હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફ્ત અને ફરજીયાત શિક્ષણ મળે તે માટે સંસદે 'રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ ૨૦૦૯' પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ ભારતમાં વસતા તમામ બાળકોને સરકાર દ્વારા મફ્ત અને ફરજીયાત શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

સંસદે રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલરી એજયુકેશન એકટ ૨૦૦૯ની કલમ ૧૩ (૧) અને કલમ ૩૮ મુજબ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકારો આપેલા છે. આ કાયદા મુજબ બાળક પર શાળાના શિક્ષકને અથવા તો સંચાલકને કોઈ પણ કારણોસર શારિરીક કે માનસિક ત્રાસ આપવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે.

સમાજમાં કેટલાય કિસ્સા પ્રકાશમાં આવે છે કે કુમળા બાળકને શિક્ષક દ્વારા આકરી સજા ફરમાવવામાં આવે, તેને સોળ ઉઠે તે રીતે માર મારવામાં આવે અગર તો માનસિક રીતે ભાંગી પડે, અપમાન જનક સ્થિતિમાં મુકાવું પડે તે હદે સજા કરવામાં આવે. બેન્ચીસ ઉપર ઉભા રાખવામાં આવે, મુરઘા બનાવવામાં આવે તેમજ પીઠ ઉપર ડસ્ટર મુકી ઉંધા પાડી અંગૂઠા પકડાવવામાં આવે છે. આવા કિસ્સા અવાર નવાર અખબારમાં પ્રકાશિત થાય છે. જેમાં મોટા ભાગે વાલીઓ દ્વારા ભીનું સંકેલવામાં આવે છે. શાળાના સંચાલકો સામે કોણ પડે તેવી માનસિકતા તથા બાળકના ભવિષ્ય નો શિક્ષણનો વિચાર કરી ફરિયાદ કરવામાં પાછી પાની કરવામાં આવે છે.




આવા કિસ્સામાં માનવ અધિકાર આયોગ, જિલ્લા શિક્ષણાધિકારી શિક્ષણ સચિવે યોગ્ય પગલા ભરી આવા શિક્ષકોને યોગ્ય સજા મળે તેવા પગલા ભરવા જોઈએ. જેના બદલે જિલ્લા શિક્ષણાધિકારી જ ભીનું સંકેલવામાં લાગી જાય છે. શાળા બદનામ ના થાય તેવા પ્રયત્નો સંચાલકના હોય તે સ્વાભાવિક છે પરંતુ 'વાડ જ ચિભડા ગળે' તે ચલાવી ના લેવાય. કેટલાક કિસ્સામાં નબળા મનના વિદ્યાર્થી ક્યારેક આપઘાતનું પગલું ભરે છે.

તાજેતરમાં જ અમદાવાદની સેંટ ઝેવિયર્સ શાળામાં આચાર્યની નજર સામે જ વિદ્યાર્થીને શિક્ષક દ્વારા સોટીથી સોળ પડે તે રીતે શારિરીક ગંભીર નુકશાન પહોંચે તે રીતે વિદ્યાર્થીને માર મારવાનો કિસ્સો પ્રકાશમાં આવેલ છે. આ કિસ્સામાં ફૂટબોલ કોચને માત્ર જામીન લાયક ગુનો બનાવી કોચને ધરપકડ કરી જામીન અપાવીને ઘટનાનું ભીનું સંકેલી લેવામાં આવ્યું છે. માનવ અધિકાર આયોગે નિષ્પક્ષ ટીમ બનાવી ભોગ બનનાર તથા અન્ય શિક્ષકો સહ વિદ્યાર્થીઓના જવાબો લઈ જવાબદાર સામે શિક્ષાત્મક પગલા ભરવા પ્રયત્ન કરવો જોઈએ. શાળા સંચાલકોએ પણ નિષ્પક્ષ તપાસમાં સાથ સહકાર આપી ગુનાહિત માનસ ધરાવતા શિક્ષકોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા જોઈએ જેથી ભવિષ્યમાં બીજી મોટી ઘટના ન બને.

રાજય સરકાર બાળકોના શિક્ષણ માટે જયારે ચાઈલ્ડ યુનિવર્સિટીનું નિર્માણ ગુજરાતમાં દેશભરમાં પ્રથમ વખત બનાવવા જઈ રહી હોય ત્યારે શિક્ષકોને બાળકો પાસેથી કેવી રીતે કામ લેવું. તોફાની બાળકોને માર માર્યા સિવાય કે શારિરીક સજા આપ્યા સિવાય કેવી રીતે કન્ટ્રોલમાં લેવા તેની આધુનિક ઢબે તાલિમ આપવાના પ્રયત્નો કરવા જોઈએ. મૂળભૂત શિક્ષણમાં તથા 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે સર સર'ના નિયમમાં બદલાવ લાવી વિદ્યાર્થીઓ શિક્ષકમાં-શિક્ષણમાં રસ લે તથા મુકત મને ચર્ચા કરે ખોટું થાય તો નિસંકોચ વાલી કે સંચાલકને પ્રિન્સિપાલને શિક્ષક વિરુધ્ધ ફરિયાદ કરી શકે તેવું મુકત વાતાવરણ પુરું પાડવા વાલીઓ તથા સંચાલકોએ પગલાં ભરવા જોઈએ.

કેટલીય શાળામાં પીટીસીના વર્ગોમાં શિક્ષકો દ્વારા બાળાઓના જાતીય સતામણીના કિસ્સા બહાર આવ્યા છે. આવા માનસિક વિકૃત શિક્ષકોને શિક્ષણના ઉમદા પવિત્ર વ્યવસાયને અભડાવવાના પ્રયત્ન બદલ સમાજે યોગ્ય સજા કરાવવા જાગૃત બની બહાર આવવું જોઈએ તો જ મુકત શિક્ષણથી સમાજનું નવનિર્માણ વિદ્યાર્થીઓ દ્વારા જ થશે.

# દિવાળીના દિવસોમાં દાનપુણ્યનો ખાસ મહિમા હોય છે વળી એવું કહેવાય છે કે સુખ વહેંચવાથી વધે છે તેથી અમારા સુખને વહેંચવા (અને ખરેખર તો વધારવા!) અમે મંદિરે પહોંચી ગયા!


## હળવાશની ક્ષણોમાં !
### દિવાળીની બોણી દેવદિવાળી પર!
- ચિત્રસેન શાહ

'દિવાળીની બોણી' તરીકે એક લેખ લખવાના વિચારમાં ને વિચારમાં 'દેવદિવાળી' આવી ગઇ! અને તેમાં અમારા ફેમીલી મેમ્બર્સને 'તાના' (મ્હેણું!) મારવાનો મોકો મળી ગયો! 'તમે બધી જ બાબતમાં Slow છો!' - એવા તેમના સર્વેના મતને આજે મંજૂરીની મહોર લાગી! પરંતુ અમારૂં તો માનવું છે કે - 'It is better Late than Never!'

વાત જાણે એમ છે કે દિવાળીના દિવસોમાં અમે રાજસ્થાન ગયેલા તેથી 'દિવાળીની બોણી' તરીકે અમે પ્રવાસ કર્યો તેમાં લેખ રૂપી બોણી રહી ગઇ!

હમણાં ટી.વી.ની સોની ચેનલ પર રાજસ્થાનના ઇતિહાસના બેકગ્રાઉન્ડ વાળી સરસ સિરીયલ 'મહારાણા પ્રતાપ' ચાલી રહી છે તેથી સ્વાભાવિક પણે જ મહારાણા પ્રતાપ સાથે જોડાયેલ સ્થળ જોવાની ઇચ્છા થાય. મહારાણા પ્રતાપનું સુંદર સમાધિ સ્થળ તેમજ તેમનું વિશાળ સ્મારક ચાવંડ ગામમાં છે જે તેમના રાજયની રાજધાની તરીકે ૧૨ વર્ષ સુધી રહ્યું હતું. ચાવંડ ગામ ગાંધીનગર-હિંમતનગર-ઉદયપુર માર્ગ પર (ઉદયપુર પહેલા) OFF Highway આશરે પચીસેક કિલોમીટરના અંતરે છે. માતૃભૂમિની રક્ષા કાજે તેમજ રાજપુતોની આન, બાન અને શાન જાળવવા મહારાણા પ્રતાપ મૃત્યુ પર્યંત મોગલોની સામે લડતા રહ્યા અને છેવટ સુધી ઝૂક્યા નહીં અને ભાવિ પેઢી માટે એક આદર્શ સંદેશ મૂકતા ગયા.

આ રહી તે સમાધિ સ્થળ પાસે લાગેલ બોર્ડની તસ્વીર -




આ સમાધિ સ્થળની નજીક તેમના મહેલના ખંડેર જમીનમાં દટાયેલા છે. તેમાં છૂપો ખજાનો હોવાની અફ્વા પણ સાંભળેલી! તે પરથી થોડા સમય પહેલાં યુ.પી.ના ઉન્નાવ ખાતેના રાજા રામબક્ષસિંહના પુરાના કિલ્લાની નીચે ૧૦૦૦ ટન સોનું હોવા અંગેના એક સાધુના સ્વપ્નની વાત યાદ આવી ગઇ! એક સાધુ આખી સરકારને ઉલ્લુ બનાવી ગયો! જયપુરથી ૧૧ કિ.મી. દૂર આવેલ આમેરના કિલ્લાની પાછળના ભાગે આવેલ જયગઢના કિલ્લાની અંદર પણ શહેનશાહ અકબરના સેનાપતિ રાજા માનસિંહ દ્વારા દટાયેલો ખજાનો છે એવી અફ્વા પણ સાંભળેલી! આ ખજાનામાં ઝરઝવેરાત ઉપરાંત સોનામહોરો તેમજ અઢળક પરચુરણ વિગેરે હોવાની શક્યતા છે!

આ 'પરચુરણ' શબ્દ સાંભળીને સ્વાભાવિકપણે જ મોઢામાં પાણી આવી જાય! કારણ કે છેલ્લા ઘણા સમયથી પરચુરણ તેમજ દશની નીચેની કરન્સી નોટોના દર્શન જ દુર્લભ થઇ ગયા છે!

આવા સંજોગોમાં એક ન્યૂઝપેપરમાં એક રસપ્રદ સમાચાર વાંચવા મળ્યાં! આ રહ્યા એ સમાચાર -

'હોટલનું બિલ પરચુરણથી ચુકવતા જેલ જવું પડ્યું!'

પેરિસમાં ફરવા ગયેલા બે ચીની નાગરિકોએ પોતાનું હોટલનું બીલ ચલણી નોટોને બદલે સિક્કામાં ચુકવતાં તેમની ધરપકડ કરીને તેમને કેટલાક કલાકો માટે જેલની સજા કરવામાં આવી! કારણ કે એ ચીની નાગરિકો રોજેરોજનું હજારોનું બીલ પરચુરણમાં ચૂકવતા હતા! તેથી પેરીસમાં હોટેલ માલિકને શંકા ગઇ હતી કે એ પરચુરણ ડુપ્લીકેટ તો નહીં હોય ને?! કારણ કે પ્રવાસી ચાઇનીઝ હતા!'

આ સમાચાર વાંચી અમારા એક મિત્રને આ ચાઇનીઝ પ્રવાસીને 'પેઇંગ ગેસ્ટ' તરીકે બોલાવી લેવાની પ્રબળ ઇચ્છા થઇ ગઇ! તેવી જ રીતે પાંચ રૂપિયાની નોટના પણ ઘણાં સમયથી દર્શન નથી થયા!

લોકો પાંચની નોટ મળે તો તેની કંડીશન જોયા વગર જ સ્વીકારી લે છે!

મેલી, ફાટેલી, બે ટુકડા થયેલી નોટો પણ લોકો આનંદથી સ્વીકારી લે છે!

પાંચની નોટ કોઇને આપીએ તો તેને દસ રૂપિયા જેટલો આનંદ થાય છે!

આવા સંજોગોમાં એક ચોંકાવનારી ઘટના બની! દિવાળીના દિવસોમાં ઘણી બેન્કો પોતાના ગ્રાહકોને નવી કડકડતી નોટોનાં બંડલ મેળવવાની તક આપે છે! અમે એ તક ઝડપી લીધી! અમારા સુખદ આશ્ચર્ય વચ્ચે અમને પાંચની નોટોનું નવું બંડલ મળ્યું! લાગે છે કે ચમત્કારો આજે પણ બને છે! K.B.C ની હોટ સીટ પર બેઠા વગર જ જાણે અમને પાંચ કરોડ મળ્યા હોય તેવી લાગણી થઇ!

દિવાળીના દિવસોમાં દાનપુણ્યનો ખાસ મહિમા હોય છે વળી એવું કહેવાય છે કે સુખ વહેંચવાથી વધે છે તેથી અમારા સુખને વહેંચવા (અને ખરેખર તો વધારવા!) અમે મંદિરે પહોંચી ગયા! કેટલાક ભિક્ષુકોને અમે પાંચ -પાંચની નોટો આપી! પાંચની નવી નોટ મળતાં કેટલાક ભિક્ષુક તો ભાવવિભોર બની જઇ અમને કહેવા લાગ્યા કે 'સાહેબ, કાંઇ કામકાજ હોય તો કહેજો!' તો બીજા કેટલાક 'SHREWD (!)' ભિક્ષુકોને - 'આ પાંચની નોટ ડુપ્લીકેટ તો નહીં હોય ને?!' એવી શંકા પણ ગઇ હોય તેવું તેમના મુખ પરના ભાવ થઇને લાગ્યું! (અમારા દીદાર જોઇને પણ કદાચ આવી શંકા ગઇ હોય!)

(અનુસંધાન પાના નં. ૬ પર)